સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**Re-Accredited Grade A By NAAC**
**{CGPA 3.05}**

પરિપત્ર,

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રી તથા માન્ય સંસ્થાઓના વડા ને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી જુદી પ્રાયોગિક પરીક્ષાઓ માટે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજો તરફથી રજુ થતા લેબોરેટરી સ્ટાફના બિલો તથા પ્રાશ્નિક અને પરીક્ષકો તરફથી રજુ થતા પ્રશ્નપત્ર સેટીંગ તથા પરીક્ષણ કાર્યના બિલો તેમજ પરીક્ષા સંબંધીત કોઈપણ મહેનતાણાના બિલો યુનિવર્સિટીમાં રજુ કરવા માટે આદેશ અનુસાર નીચે જણાવેલ સમય મર્યાદા નિયત કરવામાં આવેલ છે.

મુસાફરી ભથ્થાના બિલો સિવાય તમામ પ્રકારના બિલો વધુમાં વધુ ૧ વર્ષની અંદર રજુ કરવાના રહેશે, ત્યારબાદ રજુ થતા બિલો અંગે નીચે મુજબની વિગતે કાર્યવાહી કરવામાં આવશે.

૧) એક વર્ષબાદ અને બે વર્ષની અંદર રજુ થતા તમામ બિલોની કુલ રકમના ૨૫% રકમ દંડ પેટે વસુલ કરી ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે.

૨) બે વર્ષ બાદ રજુ થતા કોઈપણ પ્રકારના બિલો સ્વિકારવામાં આવશે નહી.

૩) મુસાફરી ભથ્થાના બિલો છ માસની મર્યાદામાં રજુ કરવાના રહેશે. છ માસ થી એક વર્ષ સુધીમાં રજુ થયેલ બિલો માંથી કુલ રકમના ૧૫% રકમ દંડ પેટે વસુલ કરી ચુકવવામાં આવશે ત્યારબાદ રજુ થયેલ બિલો સ્વિકારવામાં આવશે નહી.

સેલ્ફ ફાઈનાન્સ કોલેજો એ પ્રાયોગિક પરીક્ષા સબબની તમામ ચુકવણી કોલેજ દ્વારા તેમના ફંડ માંથી જ કરવાની થતી હોઈ, તેમની કોલેજમાં લેવાયેલ તમામ પ્રાયોગિક પરીક્ષાના બિલોની ચુકવણી ઉપરોકત જોગવાઈને ઘ્યાનમાં રાખી કરવાની રહેશે.

ઉપરોકત બાબતની જાણ કોલેજના શૈક્ષણીક તથા બિનશૈક્ષણીક કર્મચારીને કરવા તથા તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

પરીક્ષા નિયામક

**નં./પરીક્ષા/૦૨/૯૯૧/૨૦૧૫**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,**
**યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,**
**રાજકોટ–૩૬૦ ૦૦૫**
**તા.૦૪/૧૨/૨૦૧૫**
**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી સંચાલીત ભવનોના વડા તરફ.**
**નકલ રવાનાઃ–**
**૧) માનનિય કુલપતિશ્રી / કુલ સચિવશ્રીના અંગત સચિવશ્રી**
**૨) ઓડીટરશ્રી, ઓડીટ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**
**૩) મુખ્ય હિસાબી અધિકારી, હિસાબી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**
**૪) નિયામકશ્રી, મધ્યસ્થ મુલ્યાંકન સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**
**૫) વિભાગીય અધિકારી, પરીક્ષા વિભાગ – ૧,૩,૪,૫, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**